(હજુ સુધી આવા મીનીંગ [illegible] છપાયા નથી.)

A

COMPLETE GLOSSARY

OF

ALL THE WORDS AND PHRASES

OCCURRING IN

INDIAN CLASS READERS.

PRIMER.

KARSANDAS NARANDAS & SONS.

Book-sellers.

Nanavat, SURAT.

1930.

Price 6 annas.

INDIAN CLASS READERS PRIMER.

પાનું ૨ જું.

Ape (એઈપ) વાંદરો.
Bee (બી) મધમાખી.
Cat (કૅટ) બીલાડી.
Dog (ડૉગ) કૂતરો.
Ear (ઇયર) કાન.
Fish (ફિશ) માછલી.
Girl (ગર્લ્) છોકરી.
Hat (હૅટ) ઉભી ટોપી.

પાનું ૩ જું.

Ink (ઇન્ક) શાહી.
Jug (જગ) ચંબુ, કુજો.
King (કિન્ગ્) રાજા.
Lamp (લૅમ્પ) દીવો.
Map (મૅપ) નકશો.
Nail (નેઇલ) ખીલો.
Ox (ઑક્સ) બળદ
Pot (પૉટ) ઘડો, વાસણ.

પાનું ૪ થું.

Queen (ક્વીન) રાણી.
Rat (રૅટ) ઉંદર.
Sun (સન) સૂરજ.
Turban (ટરબન) પાઘડી.
Umbrella (અમ્બ્રેલા) છત્રી.
Violin (વાયોલિન) દીલરૂબા.
Wing (ઉવિન્ગ) પાંખ.
Youth (યૂથ) જુવાન.
Zebra (ઝીબ્રા) એક જાતનું જનાવર; રોઝ.

પાઠ ૧ લો.

(પાનું ૫ મું)

Lesson (લેસન) પાઠ.
Stand (સ્ટૅન્ડ) ઉભો રહે.
Sit (સિટ્) બેસ.
Stand up (સ્ટૅન્ડ અપ) ઉભા થાઓ.
Sit down (સિટ ડાઉન) બેસી જાઓ.
Rama (રામ) રામ; છોકરાનું નામ છે.
All (ઑલ) બધા.
You (યૂ) તમે.
Here (હીયર) અહિઆં.
Gopal (ગોપાલ) ગોપાળ, છોક-રાનું નામ છે.
There (ધેર) ત્યાં.

Karim (કરિમ) છોકરાનું નામ છે.
Hari (હરિ) હરિ, છોકરાનું નામ છે.
Ahmed (અહમદ) અહમદ, છોકરાનું નામ છે.

રામ, ઉભો રહે. રામ, બેસ. બધા ઉભા રહો. બધા બેસો. તમે અંહિ ઉભા રહો, ગોપાળ. તમે ત્યાં ઉભા રહો, કરીમ. તમે અંહિ બેસો, હરિ. તમે ત્યાં બેસો. અહમદ.

પાઠ ૨ જો.

(પાનું ૬ ઠું)

Come (કમ) આવો.
Go (ગો) જાઓ.
Away (અવે) દૂર.
Go away (ગો અવે) જતા રહો; ચાલ્યા જાઓ.
And (ઍન્ડ) અને.
Abdul (અબ્દુલ) છોકરાનું નામ છે.
Me (મી) મને.
Your (યોર) તમારૂં.
Place (પ્લેઇસ) જગ્યા.
Upstairs (અપસ્ટેર્સ્) માળે; ઉપર.

આવો. અંહિ આવો. અંહિ આવો, ગોપાળ! જાઓ. જતા રહો. જતા રહો, ગોપાળ! આવો અને અંહિ ઉભા રહો, અબ્દુલ! મ્હારી પાસે આવો, હરિ! તમારી જગ્યાએ જાઓ, હરિ! ઉપર જાઓ. અંહિ આવો. જતા રહો.

પાઠ ૩ જો.

(પાનું ૭ મું)

Walk (વૉક) ચાલો.
Balu (બાલુ) છોકરાનું નામ છે.
Stop (સ્ટૉપ) થોભો; ઉભા રહો.
Run (રન) દોડો.
To (ટુ) ને.
To me (ટુ મી) મારી પાસે.
That (ધૅટ) પેલું.
Door (ડોર) બારણું.
Bring (બ્રિન્ગ) લાવો.
Pen (પેન) કલમ.
Pencil (પેન્સિલ) સીસાપેન.
All (ઑલ) બધા.

ચાલો, બાલુ! થોભો. દોડો, બાલુ! થોભી જાઓ. મ્હારી પાસે આવો, કરીમ! તમારી જગ્યાએ જાઓ. પેલાં બારણાં આગળ

જાઓ, હરિ ! તમારી જગ્યાએ દોડો. તમારી ચોપડી મ્હારી પાસે લાવો, ગોપાળ ! તમારી કલમ મ્હારી પાસે લાવો, અબ્દુલ ! તમારી સીસાપેન મ્હારી પાસે લાવો, રામ ! તમારો કાગળ મ્હારી પાસે લાવો, અહમદ ! બધા, તમારી જગ્યાએ ચાલ્યા જાઓ ! ચાલો, બાલુ ! દોડો, કરીમ !

પાઠ ૪ થો.

(પાનું ૮ મું)

Look (લુક) જુઓ.
Drink (ડ્રિન્ક) પીઓ.
Again (અગેઇનિ) ફરીથી.
Not (નૉટ) નહિ.
What (ઉવૉટ) શું.
Is doing (ઇઝ ડુઇંગ) કરે છે.
He (હી) તે.
Is drinking (ઇઝિ ડ્રિન્કિન્ગ) પીએ છે.
Sir (સર) સાહેબ.
Water (વૉટર) પાણી.
Drinking (ડ્રિન્કિન્ગ) પીતાં.

જુઓ. પીઓ, અબ્દુલ ! તમે પીઓ, કરીમ ! ફરીથી પીઓ, અબ્દુલ ! થોભો જાઓ. પીશો નહિ. ફરીથી પીઓ, કરીમ ! કરીમ શું કરે છે? તે પીએ છે, સાહેબ, તે શું પીએ છે? તે પાણી પીએ છે સાહેબ. પીતાં અટકો, કરીમ !

પીઓ, અબ્દુલ ! પીતાં અટકો (પીવાનું બંધ કરો)

પાઠ ૫ મો.

પાનું ૯ મું.

Book (બુક) ચોપડી.
Hand (હેન્ડ) હાથ.
Mouth (માઉથ) મ્હોં.
Eye (આઇ) આંખ.
A (એક) એક. [વ્યંજનથી શરૂ થતાં એક વચનવાળાં સામાન્ય નામની આગળ વપરાય છે.]
An (એન) એક. [સ્વરથી શરૂ થતાં એક વચનવાળાં સામાન્ય નામની આગળ વપરાય છે.]
Shut (શટ્) બંધ કરો.
Books (બુકસ) ચોપડીઓ.
Open (ઓપન) ઉઘાડો.
All (ઑલ) બધા.
Krishna (ક્રિશ્ના) છોકરાનું નામ છે.
Eyes (આઇઝિ) આંખો.
Hands (હેન્ડઝ) હાથો.

ચોપડીઓ બંધ કરો. ચોપડીઓ ઉઘાડો. તમારી ચોપડી બંધ કરો, રામ! તમારી ચોપડી ઉઘાડો, રામ! બધા, તમારી ચોપડીઓ ઉઘાડો. બધા, તમારી ચોપડીઓ બંધ કરો. કૃષ્ણ, પેલું બારણું બંધ કર. જા અને પેલું બારણું ઉઘાડ, હરિ! અબદુલ, તમારી આંખો બંધ કરો (મીચીદો). તમારી આંખો ઉઘાડો, અબદુલ! બધા, તમારી આંખો બંધ કરો. બધા તમારી આંખો, ઉઘાડો. તમારે હાથ ઉઘાડો, અહમદ! બધા, ઉભા થાઓ અને તમારા હાથ ઉઘાડો. બધા, બેસી જાઓ અને તમારા હાથ બંધ કરો.

પાઠ ૬ ઠ્ઠો.

(પાનું ૧૦ મું)

See (સી) જુઓ.
This (ધિસ) આ.
Mango (મૅન્ગો) કેરી.
Eat (ઈટ) ખા.
Do not eat (ડૂ નૉટ ઈટ) ખાશો નહિ.
My (માઇ) મારી.
Is eating (ઇઝ ઇટીંગ) ખાય છે.
Eating (ઈટીંગ) ખાતાં.
Always (ઑલવેઇઝ) હંમેશાં.
Slowly (સ્લોલિ) ધીમેથી; હળવેથી.
Never (નેવર) કદી પણ નહિ.
Quickly (ક્વીક્લિ) ઝડપથી, જલદીથી.

આ કેરી જુઓ. ખા, રામ! અટકો, (રહેવા દો) મારી કેરી ખાતા નહિ. તમે ખાઓ. કૃષ્ણ! કૃષ્ણ શું કરે છે? તે ખાય છે. તે શું ખાય છે? તે તમારી કેરી ખાય છે, સાહેબ! ખાતાં અટકી જાઓ, કૃષ્ણ! હંમેશાં ધીમેથી ખાજો. ઝડપથી કદીપણ ખાશો નહિ.

પાઠ ૭ મો.

(પાનું ૧૧ મું)

Write (રાઇટ) લખો.
I (આઇ) હું.
Am writing (એમ રાઇટીંગ) લખું છું.
Boys (બૉયઝ) છોકરાઓ.
We (ઉવી) હમે.
Are writing (આર રાઇટીંગ) લખીએ છીએ.

They (ધે) તેઓ.
Arjun (અર્જુન) છોકરાનું નામ છે.
Are writing (આર રાઇટીંગ) લખે છે.
Writing (રાઇટીંગ) લખતાં; લખવાનું.
Go on (ગો ઑાન) ચાલુ રાખો.

લખો, રામ ! રામ શું કરે છે ? તે લખે છે. તમે શું કરો છો, રામ ? હું લખું છું. બધા લખો. તમે શું કરો છો, છોકરાઓ ? હમે લખીએ છીએ. તેઓ શું કરે છે, અર્જુન ? તેઓ લખે છે, સાહેબ ! લખતાં અટકો (લખવાનું અટકાવો) લખવાનું ચાલુ રાખો (લખ્યાં કરો).

પાઠ ૮ મો.

(પાનું ૧૨ મું)

Raise (રેઇઝ) ઉંચો કરો.
Too (ટૂ) પણ; વળી.
Both (બોથ) બન્ને.
Gopal (ગોપાલ) છોકરાનું નામ છે
Are doing (આર ડૂઇંગ) કરે છે.
Are raising (આર રેઇઝીંગ) ઉંચા કરે છે.
Their (ધેર) તેઓના.
Put down (પુટ ડાઉન) નીચે મૂકો; નીચા કરો.
A pen (એ પેન) એક કલમ.
A pencil (એ પેન્સિલ) એક સીસાપેન.
Take up (ટેઇક અપ) ઉપાડો; ઉંચકો.
Pencils (પેન્સિલ્સ) સીસાપેનો.
Them (ધેમ) તેઓને; તેમને.
I take up (આઇ ટેઇકિ અપ) હું લઉં છું.
Chalk (ચૅાક) ચાક; સફેતો.
Am doing (એમ ડૂઇંગ) કરૂં છું.
Are taking up (આર ટેઇકીંગ અપ) ઉપાડો છો.

તમારો હાથ ઉંચો કરો, રામ ! તમે પણ તમારો હાથ ઉંચો કરો, હરિ ! તમે તમારા બન્ને હાથ ઉંચા કરો, ગોપાળ ! તેઓ શું કરે છે ? તેઓ તેમના પોતાના હાથ ઉંચા કરે છે. બધા, તમારા હાથ ઉંચા કરો. તમારા હાથ નીચા કરો. કૃષ્ણ, તમારી કલમ ઉપાડો. તમારી કલમ નીચે મુકો. બધા, તમારી સીસાપેનો ઉંચકો. તેમને નીચે

મુકી દો. હું મારો ચાક ઉંચકું છું. હું શું કરું છું ?

તમે તમારો ચાક ઉંચકો છો, સાહેબ.

પાઠ ૯ મો.

(પાનું ૧૩ મું)

Jump (જમ્પ) કૂદો; કૂદકો મારો.
Karim (કરિમ) છોકરાનું નામ છે.
Is jumping (ઇઝ જમ્પીંગ) કૂદે છે.
Did (ડીડ) કર્યું.
Did do (ડિડ ડૂ) કર્યું ? (સવાલ પૂછવાને વપરાય છે).
Jumped (જમ્પડ્) કૂદકો માર્યો.
Chair (ચેર) ખુરશી.
Has done (હૅઝડન) કર્યું છે.
Has jumped (હેઝમ્પ્ડ) કૂદકો માર્યો છે.
Jumped down (જમ્પડ ડાઉન) નીચે કૂદો, કૂદી પડો.
Has jumped down (હૅઝ-જમ્પડ ડાઉન) કૂદી પડયો છે.

આવો, અને અહિં ઉભા રહો, કરીમ ! કૂદો, કરીમ ! શું કરે છે ? તે કૂદે છે સાહેબ. અટકો કરીમ ! કરીમે શું કર્યું, અહમદ ? તે કૂદયો સાહેબ. મારી ખુરશી ઉપર કૂદો, કરીમ ! કરીમે શું કર્યું છે ? તે તમારી ખુરશી ઉપર કૂદયો છે, સાહેબ ! નીચે કૂદીપડ, કરીમ ! તેણે શું કર્યું છે ? તે નીચે કૂદી પડયો છે, સાહેબ. મારી ખુરશી ઉપર કૂદો. આવો અને અહીં ઉભા રહો.

પાઠ ૧૦ મો.

પાનું ૧૪ મું.

Stand up (સ્ટૅન્ડ અપ) ઉભા થાઓ.
Read (રીડ) વાંચો.
Is reading (ઇઝરીડીંગ) વાંચે છે.
Sit down (સિટ્ ડાઉન) બેસી જાઓ.
Has read (હૅઝરેડ) વાંચ્યું છે.
Else (એલ્સ) બીજું.
Has sat down (હૅઝસેટ્ ડાઉન) બેસી ગયો છે.
Did read (ડિડરીડ) વાંચ્યું ? (સવાલ પૂછવાને વપરાય છે.)
No (નો) ના.
Read (રેડ) વાંચ્યું (Read 'રીડ' નો ભૂતકાળ).
Again (અગેઈન) ફરીથી.

તમારી ચોપડીઓ ઉઘાડો. ઉભા થાઓ અને વાંચો, હરિ. હરિ શું કરે છે? તે વાંચે છે, સાહેબ. અટકી જાઓ, હરિ અને બેસી જાઓ. હરિએ શું કર્યું છે? તેણે વાંચ્યું છે, સાહેબ. તેણે બીજું શું કર્યું છે? તે બેસી ગયો છે, સાહેબ અંહિયાં આવો અને વાંચો અર્જુન! હંમેશાં ધીમેથી વાંચજો કદી પણ ઝડપથી વાંચતા નહિ. તેણે ધીમેથી વાંચ્યું? ના, સાહેબ, એણે ઝડપથી વાંચ્યું. ફરીથી વાંચો, અર્જુન!

પાઠ ૧૧ મો.

(પાનું ૧૫ મું)

Give (ગિવ્) આપો.
Me (મી) મ્હને.
Please (પ્લીઝ) મહેરબાની કરીને.
Thank (થૅન્ક) આભાર માનવો.
Thank you (થૅન્ક યૂ) હું તમારો આભાર માનું છું.
Gave (ગેઇવ) આપ્યું.
You (યૂ) તમને.
Bring me (બ્રિન્ગ મી) મ્હારી પાસે લાવો.
Brought (બ્રૉટ) લાવ્યો.
Clean (ક્લીન) સાફ કરો.
Blackboard (બ્લૅકબૉર્ડ) કાળું પાટીયું.
Cleaned (ક્લીન્ડ) સાફ કર્યું.
From (ફ્રૉમ) થી, ઉપરથી.
Show (શો) બતાવો.
Work (વર્ક) કામ.

મહેરબાની કરીને મને તમારો ચાક આપો, રામ! તમારો આભાર માનું છું. રામે શું કર્યું? એણે તમને ચાક આપ્યો, સાહેબ. મહેરબાની કરીને મારી ચોપડી મારી પાસે લાવો, ગોપાળ! તમારો આભાર માનું છું. ગોપાળે શું કર્યું? એણે તમારી ચોપડી તમને લાવી આપી, સાહેબ. મહેરબાની કરીને મારાં કાળાં પાટીયાંને સાફ કરો, અબદુલ તમારો આભાર માનું છું. અબદુલે શું કર્યું? એણે તમારૂં કાળું પાટીયું સાફ કર્યું, સાહેબ. મારા મેજ ઉપરથી તમારી ચોપડી લો. ગોવિન્દ! મને તમારૂં કામ બતાવો, હરિ!

પાઠ ૧૨ મો.

(પાનું ૧૬ મું)

Dog (ડૉગ) કુતરો.
Have (હેવ) પાસે હોવું.
I have (આઈ હેવ) મારી પાસે છે.
I had (આઇ હૅડ) મારી પાસે હતો.
One (વન) એક.
Where (હ્વેહેર) કયાં.
It (ઇટ) તે. (નાન્યતર જાતિ)
Now (નાઉ) હમણાં.
I have lost (આઈ હેવ લૉસ્ટ) મ્હેં ગુમાવ્યો છે; મ્હેં ખોઇ નાંખ્યો છે.
Bark (બાર્ક) ભસવું.
Does bark (ડઝ બાર્ક) ભસેછે ?
Much (મચ) ઘણું.
Bites (બાઈટ્સ) કરડે છે.
Will(ઉવિલ)ભવિષ્યકાળની નિશાની.
Will have (ઉવિલ હેવ) લેશો ?
Some (સમ) થોડું.
I have had (આઇ હેવ હૅડ) મ્હેં લીધું હતું. [રજા.
Holiday (હૉલીડે) રજાનો દિવસ,
To-morrow (ટુ મૉરો) આવતી કાલે.
Shall have (શલ હૅવ) મે હશે, ને પડશે.
We had (ઉવી હૅડ) આપણુને પડી હતી-મળી હતી.
Last (લાસ્ટ) છેલ્લું, ગયું.
Week (ઉવિક) અઠવાડીયું.

મારી પાસે કૂતરો છે. શું તમારી પાસે કૂતરો છે, રામ ? ના, સાહેબ, મારી પાસે એક (કૂતરો) હતો. હમણાં તે કયાં છે ? મ્હેં તે ખોઈ નાંખ્યો છે, સાહેબ. શું તમારા બાપની પાસે કૂતરો છે, હરિ ? હા, સાહેબ, તેની પાસે છે. શું તે ઘણું ભસે છે ? ના, સાહેબ, તે કરડે છે. તમ થોડુંક પાણી લેશો, કરીમ ? ના, સાહેબ, તમારો આભાર માનું છું. મ્હેં થોડુંક લીધું હતું. શું આવતી કાલે આપણને રજા પડશે ? ના, આપણને ગયે અઠવાડીયે એક (રજા) પડી હતી.

પાઠ ૧૩ મો.

(પાનું ૧૭ મું.)

We are (ઉવી આર) આપણે
In (ઈન) માં.
School (સ્કૂલ) નિશાળ.

Our (અવર) અમારી, આપણી.
Are (આર) છે.
Sharp (શાંર્પ) તીણી.
Days (ડેઈઝ) દિવસો.
Hot (હૉટ) ગરમ.
Night (નાઇટ્સ) રાત્રીઓ.
Cool (કુલ) ઠંડી.
Hungry (હન્ગ્રી) ભૂખ્યા.
They (ધે) તેઓ.
Thirsty (થરર્ટી) તરસ્યા.
Were (ઉવેર) હતા. (ભૂતકાળ)
Summer (સમર) ઉનાળો.

અમે નિશાળમાં છીએ. હમારી ચોપડીઓ ઉઘાડી છે. હમારી સીસાપેનો તીણી છે. દિવસો ગરમ છે. (હોય છે) રાત્રીઓ ઠંડી હોય છે. શું તમે ભૂખ્યા છો ? તેઓ ભૂખ્યા છે. અમે નિશાળમાં હતા. હમારી ચોપડીઓ ઉઘાડી હતી. હમારી સીસાપેનો તીણી હતી. દિવસો ઉનાળામાં ગરમ હતા. રાત્રીઓ ઠંડી હતી. શું તમે ભૂખ્યા હતા ? તેઓ તરસ્યા હતા. દિવસો ગરમ હોય છે. રાત્રીઓ ઠંડી હોય શું તમે ભૂખ્યા છે !

પાઠ ૧૪ મો.

પાનું ૧૮ મું.

The (ધી, ધ) તે.
Ass (ઍસ) ગધેડો.
Lean (લીન) સૂકકો, પાતળો.
Buffalo (બફેલો) ભેંસ.
Fat (ફૅટ) જાડી.
Elephant (એલીફન્ટ) હાથી.
Big (બિગ્) મોટો.
Rat (રૅટ) ઉંદર.
Small (સ્મૉલ) નાનો.
Cart (કાર્ટ) ગાડું.
Slow (સ્લો) ધીમું.
Train (ટ્રેઇન) આગગાડી.
Fast (ફાસ્ટ) ઉતાવળી, વેગવાળી.
Box (બૉક્સ) પેટી.
Square (સ્કવૅર) ચોરસ, ચોખંડી.
Ball (બૉલ) દડો, ગોળો.
Round (રાઉન્ડ) ગોળ.
Fire (ફાયર) દેવતા.
Hot (હૉટ) ગરમ.
Ice (આઇસ) બરફ.
Cold (કોલ્ડ) ઠંડું.
Balloon (બલૂન) વિમાન.
Light (લાઇટ) હલકું.
Load (લોડ) બોજો.
Heavy (હેવી) ભારે.

તે ગધેડો પાતળો છે. તે ભેંસ જાડી છે. તે હાથી મોટો છે. તે ઉંદર નાનો છે. તે ગાડું ધીમું છે. તે આગગાડી ઉતાવળી છે. તે પેટી ચોરસ છે. તે દડો ગોળ છે. તે દેવતા ગરમ છે. તે બરફ ઠંડું છે. તે બલૂન હલકું છે. તે બોજો ભારે છે.

પાઠ ૧૫ મો.

(પાનું ૨૦ મું)

Can (કૅન) શકવું.

I can stand up (આઇ કૅન સ્ટૅન્ડ અપ) હું ઉભો થઇ શકું છું.

Fly (ફ્લાઇ) ઉડવું.

I can not (આઇ કૅન નૉટ) હું શકતો નથી.

Birds (બર્ડ્ઝ) પક્ષીઓ.

Know (નો) જાણવું; આવડવું.

I do not know (આઇ ડૂ નૉટ નો) હું જાણતો નથી.

How (હાઉ) કેવી રીતે.

How to fly (હાઉ ટુ ફ્લાઇ) કેવી રીતે ઉડવું તે; ઉડવાની રીત.

Swim (સ્વિમ) તરવું.

He does not know (હી ડઝ નૉટ નો) તેને આવડતું નથી; તે જાણતો નથી.

Shoot (શૂટ) ગોળીબાર કરવો.

How to shoot (હાઉ ટુ શૂટ) કેવી રીતે ગોળીબાર કરવો તે; ગોળીબાર કરવાની રીત.

Speak (સ્પીક) બોલવું.

English (ઇન્ગ્લિશ) અંગ્રેજી (ભાષા)

How to speak (હાઉ ટુ સ્પીક) કેવી રીતે બોલવું તે, બોલવાની રીત.

હું ઉભો થઈ શકું છું. હું બેસી જઈ શકું છું. હું ઉડી શકતો નથી. પક્ષીઓ ઉડી શકે છે. કેવી રીતે ઉડવું તે હું જાણતો નથી. (મને ઉડતાં આવડતું નથી). તે ચાલી શકે છે. તે દોડી શકે છે. તે તરી શકતો નથી. તેને તરતાં આવડતું નથી. તમે દોડી શકો છો. તમે પી શકો છો. તમે ગોળીબાર કરી શકતા નથી. તમને ગોળીબાર કરતાં આવડતું નથી. તેઓ લખી શકે છે. તેઓ કૂદી શકે છે. તેઓ અંગ્રેજી બોલી શકતા નથી. તેઓ અંગ્રેજી કેવી રીતે

બોલવું તે જાણતા નથી. (તેઓને અંગ્રેજી બોલવાની રીત આવડતી નથી.)

પાઠ ૧૬ મો.

(પાનું ૨૧ મું)

On (ઑન) ઉપર.
Table (ટેઇબલ્) મેજ.
In (ઇન) માં; અંદર.
River (રિવર્) નદી.
Flows (ફ્લોઝ) વહે છે.
Under (અન્ડર) નીચે.
Bridge (બ્રિજ્) પુલ.
Turban (ટરબન) પાઘડી.
Off (ઑફ્) થી દૂર.
Flies (ફ્લાઇઝ) ઉડે છે.
Above (એબવ) ઉંચે, ઉપર.
House (હાઉસ) ઘર.
Jumps (જમ્પસ્) કૂદે છે.
Over (ઓવર) ઉપર.
Chair (ચેર) ખુરસી.
Near (નીઅર) નજીક; પાસે.
Between (બીટ્વીન) વચ્ચે.
With (ઉવિથ) સાથે.
Below (બીલો) નીચે.
Class (કલાસ) વર્ગ.
Among (ઍમંગ) માં; ને વિષે.
By me (બાઇ મી) મારી પાસે.
From us (ફ્રોમ અસ) અમારી પાસેથી.
To your place (ટુ યોર પ્લેઇસ) તમારી જગ્યાએ.

તે પેટી તે મેજ ઉપર છે. તે ચોપડી તે પેટીમાં છે. તે નદી તે પુલ નીચે વહે છે. તે પાઘડી માથાથી દૂર છે. તે પક્ષિ તે ઘરની ઉંચે ઉડે છે. રામ ખુરશીની ઉપર કૂદે છે. બારણાની પાસે ઉભા રહો, ગોપાળ.

રામ, હરિ અને કૃષ્ણની વચ્ચે છે. અબદુલ, વર્ગમાં કરીમ કરતાં ઉંચે છે. (ઉપલે નંબરે છે). કરીમ વર્ગમાં અબદુલ કરતાં નીચે છે (નીચલો નંબર રાખે છે.) શું હું છોકરાઓની અંદર બેસું છું ? ના, સાહેબ, તમે અમારી સાથે બેસતા નથી. આવો, અને મારી પાસે ઉભા રહો, ગોવિન્દ. આવો, અને અમારી સાથે ઉભા રહો. ગોપાળ. તમારી જગ્યાએ જાઓ, ગોપાળ.

પાઠ ૧૭ મો.

(પાનું ૨૩ મું)

Where (ઉવ્હેર) ક્યાં ?
Is going (ઇઝ ગોઇંગ) જાય છે.

Through (થ્રૂ) માં થઇને.
Doorway (ડોરવે) બારણાંનો રસ્તો.
Is standing (ઇઝ સ્ટૅન્ડીન્ગ) ઉભો છે.
Window (ઉવિન્ડો) બારી.
Father (ફાધર) બાપ.

ગોવિન્દ ક્યાં છે? તે તેની જગ્યાએ જાય છે. તે બારણાંના રસ્તામાં થઇને જાય છે. તે બારીની પાસે ઉભો છે. તે પોતાના બાપની પાસે બેઠો છે. તે અમારામાં ઉભો છે. તે રામ અને હરિની વચ્ચે બેઠો છે. તે રામથી નીચે છે, અને હરિથી ઉંચે છે. (તે રામના કરતાં ઉપલો નંબર રાખે છે અને હરિના કરતાં નીચલો નંબર રાખે છે.)

પાઠ ૧૮ મો.

(પાનું ૨૫ મું.)

Name (નેઇમ) નામ.
How old (હાઉ ઓલ્ડ) કેટલી ઉમ્મરના; કેટલા ઘરડા.
Twelve years old (ટવેલ્વ યિયર્સ ઓલ્ડ) બાર વરસની ઉમ્મરનો.
Years (યિયર્સ) વરસો.
Do not know (ડુનૉટનો) જાણતો નથી.
Tell (ટેલ) કહેવું.
Shall I tell (શૅલ આઇ ટેલ) શું હું કહું?
If (ઇફ) જો.
If you please (ઇફ યુ પ્લીઝ) જો તમારી મહેરબાની હોય તો.
Live (લિવ) રહેવું.
What (ઉવૉટ) શું.
What is (ઉવૉટ ઇઝ) શું ધંધો કરે છે?
Goldsmith (ગોલ્ડસ્મિથ) સોની.

તમારૂં નામ શું છે? મારૂં નામ રામ છે. તેનું નામ શું છે? તેનું નામ કરીમ છે તમારૂં નામ શું છે? તમે કેટલી ઉમ્મરના છો? હું બાર વરસનો છું. તેની ઉમ્મર કેટલી છે? તે તેર વરસની ઉમ્મરનો છે હું કેટલી ઉમ્મરનો છું.? હું નથી જાણતો સાહેબ. તમને કહું? જો, તમારી મહેરબાની હોય તો, (કહો) સાહેબ તમે ક્યાં રહો છો? હું સુદર બજારમાં રહું છું. તમારો બાપ શું ધંધો કરે છે? તે સોની છે, સાહેબ.

પાઠ ૧૯ મો.

પાનું ૨૬ મું.

One (વન) એક
Two (ટૂ) બે
Three (થ્રી) ત્રણ
Four (ફોર) ચાર
Five (ફાઇવ) પાંચ
Six (સિકસ) છ
Seven (સેવન) સાત
Eight (એઇટ) આઠ
Nine (નાઇન) નવ
Ten (ટેન) દશ.
Hold up (હોલ્ડ અપ) ઉંચો કરો.
How many (હાઉમેની) કેટલા.
Up (અપ) ઉંચા.
Hands down (હૅન્ડઝ ડાઉન) હાથ નીચા કરો.
Fingers (ફિન્ગર્સ) આંગળીઓ.
Are standing up (આર સ્ટૅન્ડીંગ અપ) ઉભા થયા છે.
Toes (ટોઝ) પગની આંગળીઓ.

એક હાથ ઉંચો કરો રામ! બે હાથ ઉંચા કરો કરીમ. કેટલા હાથ ઉંચા છે? ત્રણ હાથ ઉંચા છે, સાહેબ. હાથ નીચા કરો. ચાર આંગળીઓ ઉંચી કરો, હરિ. તમે, કૃષ્ણ, પાંચ ઉંચી કરો. અબદુલ, મને છ આંગળીઓ બતાવો. બધા સાત આંગળીઓ ઉંચી કરો. આપણને કેટલી આંગળીઓ છે? આપણને આઠ આંગળીઓ છે, સાહેબ. ઉભા થાઓ, રામ, કૃષ્ણ, અર્જુન, હરિ, ગોપાળ, ગોવિન્દ, અબદુલ, અહમદ અને કરીમ. કેટલા છોકરાઓ ઉભા થયા છે? નવ છોકરાઓ ઉભા થયા છે, સાહેબ. તમને પગની કેટલી આંગળીઓ છે, અબદુલ? મને પગની દશ આંગળીઓ છે, સાહેબ.

પાઠ ૨૦ મો.

(પાનું ૨૮ મું)

Spoons (સ્પૂન્સ) ચમચા.
Here (હીઅર) અંહિઆં.
Row (રો) ઢગલી, હાર.
Look at (લુક ઍટ) ના તરફ જુઓ.
String (સ્ટ્રિંગ) દોરી.
Of (ઑફ) ની.
Pearls (પર્લ્સ) મોતી.
String of pearls=મોતીઓની દોરી.

Count (કાઉન્ટ) ગણો.
Them (ધેમ) તેમને, તેઓને.
Picture (પિક્ચર) ચિત્રામણ, છબી.
Combs (કૉમ્બ્સ) કાંસકીઓ.
These (ધીઝ) આ. (This [ધિસ] આનું બહુવચન).
Bells (બેલ્સ) ઘંટડીઓ; ઘંટો.
Legs (લેગ્ઝ) પગો.
Ants (એન્ટ્સ) કીડીઓ.
Here is (હીઅર ઇઝ) અંહિ છે; આ રહી.
Buttons (બટન્સ) બોરીયાં; બુટન.
Coat (કોટ) ડગલો; અંગરખો.
Pins (પિન્સ) ટાંકણીઓ.

તમે કેટલા ચમચા જુઓ છો? હું છ ચમચા જોઉં છું. અંહિ ચોપડીઓની એક હાર છે. (આ રહી ચોપડીઓની એક હાર.) હારમાં કેટલી ચોપડીઓ છે? દશ ચોપડીઓ છે, સાહેબ.

મોતીઓની આ દોરી (માળા) તરફ જુઓ. તેમને ગણો. નવ મોતીઓ છે. તમે ચિત્રમાં શું જુઓ છો, રામ? હું ત્રણ કાંસકીઓ જોઉં છું, સાહેબ. આ ઘંટડીઓ તરફ જુઓ. કૂતરાને કેટલા પગ હોય છે? તેને ચાર પગ હોય છે, સાહેબ.

આ ચિત્રમાં કેટલી કીડીઓ છે? સાત કીડીઓ છે. મારા ડગલા ઉપરનાં બોરીયાં ગણો. પાંચ છે. અંહિઆં કેટલી ટાંકણીઓ છે? આઠ ટાંકણીઓ છે.

પાઠ ૨૧ મો.

(પાનું ૨૯ મું)

Brushes (બ્રશિઝ) બ્રશો.
Alike (એલાઇક) સરખાં; એક સરખાં.
Pair (પેર) જોડી; જોડ.
This (ધિસ) આ.
Brush (બ્રશ) સાફ કરો; હોળો.
Hair (હેર) વાળ.
Well (વેલ) સારી પેઠે, સારી રાતે.
Shoes (શૂઝ) જોડા; દોરીવાળા જોડા.
Socks (સૉક્સ) પગનાં મોજાં.
Like (લાઇક) ચાહવું; પસંદ કરવું.
I like (આઈ લાઇક) મને ગમે છે; હું પસંદ કરૂં છું.

Better (બેટર) વધારે સારી રીતે.
Than (ધૅન) ના કરતાં.
Boots (બૂટ્સ) જોડા; મોટા હોલ બુટ.
Shoe-laces (શૂ લેઇસીઝ) જોડાની દોરીઓ.
Horns (હૉર્ન્સ) શિંગડાં.
Ears (ઇઅર્સ) કાનો.
Eyes (આઇઝ) આંખો.
We hear (ઉવી હીઅર) આપણે સાંભળીએ છીએ.
Hear (હીઅર) સાંભળવું.
Gloves (ગ્લવઝ) હાથનાં મોજાં.
Scissors (સિસર્સ) કાતર.
Glasses (ગ્લાસિઝ) ચશ્મા.
Cut (કટ્) કાપવું, વેતરવું.
Cloth (કલૉથ) કાપડ.
With (ઉવીથ) વડે.
Some (સમ) કેટલાક.
Use (યુઝ) વાપરે છે.
In order to see (ઇન ઓરડર ટુ સી) જોવાને માટે; જોવાની મતલબથી.
Better (બેટર) વધારે સારી રીતે.
Earrings (ઇઅરરિંગ્ઝ) એરીંગો.
Are'nt (આર્ન્ટ) શું નથી ?

Beautiful (બ્યૂટીફુલ) ખુબસુરત; સુંદર.

આ રહ્યાં બે બ્રશો. તેઓ એક સરખાં છે.

આ રહી બ્રશોની જોડ. તમારા વાળ સારી પેઠે હોળો.

તમારા પાસે જોડાની જોડ છે. (બેજોડા છે).

તેની પાસે મોજાંની જોડ છે.

મને મોટાં બૂટ કરતાં દોરીવાળા જોડા વધારે ગમે છે.

તમે જોડાની દોરીઓને જુઓ છો ?

આપણે તે ચિત્રમાં શીંગડાંની એક જોડ, એક જોડ કાનની અને આંખોની એક જોડ જોઇએ છીએ.

આપણે આપણા કાનો વડે સાંભળીએ છીએ.

આપણે આપણી આંખો વડે જોઇએ છીએ.

આપણે વળી હાથનાં મોજાંની એક જોડ, મોટાં બુટની એક જોડ, એક કાતર અને એક ચશ્માં જોઇએ છીએ.

આપણે કાતરવતી કાપડ વેતરીએ છીએ.

કેટલાક માણસો વધારે સારી રીતે જોવા ખાતર ચસમાં વાપરે છે.
આ રહી એ રીંગની એક જોડ.
શું તેઓ સુંદર નથી ?

પાઠ ૨૨ મો.

(પાનું ૩૧ મું)

Tiger's (ટાઇગર્સ) વાઘનું.
Mouth (માઉથ) મ્હોંડું; મ્હોં
Shut (શટ્) બંધ.
Open (ઓપન) ખુલ્લું.
Bear's (બેર્સ) રીંછનું.
So (સો) એવું, એમજ.
Horses (હૉરસિઝ) ઘોડાનું.
Rat's (રૅટ્સ) ઉંદરની.
Tail (ટેઇલ) પુંછડી.
Long (લૉન્ગ) લાંબી.
Elephant's (એલીફન્ટ્સ) હાથની.
Trunk (ટ્રન્ક) સૂંઢ.
Goat's (ગોટ્સ) બકરાના.
Curly (કર્લિ) વાંકા; વળેલા.
Butterfly's (બટરફ્લાઇઝ) પતંગીયાની.
Wings (ઉવિન્ગ્ઝ) પાંખો.
Good (ગુડ) સારૂં.
Work (ઉવર્ક) કામ.
Clean (ક્લીન) સ્વચ્છ, સાફ.
Ground (ગ્રાઉન્ડ) જમીન.
Ball (બૉલ) દડો.
Air (એર) હવા.

આ વાઘનું મ્હોં બંધ છે. પેલા વાઘનું મ્હોં ઉઘાડું છે. તે રીંછનું મ્હોં પણ ઉઘાડું છે. ઘોડાનું મ્હોં (પણ) એમજ છે. તે ઉંદરની પૂંછડી લાંબી છે. હાથીની સૂંઢ પણ એવીજ છે. તે બકરાનાં શિંગડાં વાંકાં છે. તે પતંગીયાંની પાંખો ખુલ્લી છે. રામનું કામ સારૂં છે. હરીનો ડગલો સ્વચ્છ છે.

અબદુલની કલમ જમીન ઉપર છે. કરીમની જગ્યા ત્યાં છે. તે છોકરાનો દડો હવામાં છે.

પાઠ ૨૩ મો.

પાનું ૩૨ મું.

Now (નાઉ) હમણાં.
School (સ્કૂલ) નિશાળ.
Yesterday (યસ્ટર ડે) ગઈ કાલે.
Were (વેર) હતા.
At home (એટ હોમ) ઘેર; ઘરમાં.
To-day (ટુડે) આજે.
Was not (વૉઝ નૉટ) ન્હોતો.
Were standing up (ઉવેર સ્ટૅન્ડીંગ અપ) ઉભા થયા હતા.

Top (ટૉપ) મથાળું.
At the top (ઍટ ધી ટૉપ) મોખરે.
Clever (ક્લેવર) હોંશિયાર.
This morning (ધિસ્ મોરનિન્ગ) આજે સવારે.

આજે હમે નિશાળમાં છીએ.
ગઇ કાલે અમે ઘેર હતા.

આજે હું અંહિઆં છું. ગઇ કાલે હું અંહિઆં ન્હોતો.

અમે બેસી જઇએ છીએ. હમે ઉભા થતા હતા.

રામ વર્ગમાં મોખરે છે. હરી મોખરે (ટોપપર) હતો.

હરી અને રામ હોંશિયાર છે. તેઓ બન્ને ગયે અઠવાડીયે મોખરે હતા.

હું ભૂખ્યો છું. હું આજે સ્હવારે ભૂખ્યો ન હતો.

પાઠ ૨૪ મો.

(પાનું ૩૩ મું.)

I am (આઇ ઍમ) હું છું.
I was (આઇ વૉઝ) હું હતો.
I shall be (આઇ શૅલ બી) હું હોઇશ.
To-morrow (ટુ મૉરો) આવતી કાલે.
Sits (સિટ્સ) બેસે છે. (વર્તમાનકાળ)
Sat (સૅટ) બેઠો. (ભૂતકાળ)
Will sit (વિલ સિટ્) બેસશે. (ભવિષ્યકાળ)
To-school (ટૂ સ્કૂલ) નિશાળે.
You come યુ કેઇમ તમે આવો છો. (વ. કા.)
You came (યુ કેઇમ) તમે આવ્યા. (ભૂ. કા.)
You will come (યુ વિલ કમ) તમે આવશો. (ભ કા)
We go (વી ગો) હમે જઇએ છીએ.
We went (વી વેન્ટ) હમે ગયા.
We shall go (વી શૅલ ગો) હમે જઇશું.
Again (અગેઇન) ફરીથી.
Walked (વૉક્ડ) ચાલ્યો. (ભૂતકાળ).
Will walk (વિલ વૉક) ચાલશે. (ભવિષ્યકાળ).
Runs (રન્સ) દોડે છે. (વ કા.)
Ran (રૅન) દોડ્યો. (ભૂતકાળ)

He will run (હિ વિલ રન) તે દોડશે. (ભ. કા)

આજે હું અંહિઆં છું. ગઈ કાલે હું અંહિ હતો. આવતી કાલે હું અંહિ હોઈશ.

રામ ત્યાં આજે બેસે છે. તે કાલે ત્યાં બેઠો. આવતી કાલે તે અંહિઆં બેસશે.

તમે આજે નિશાળે આવો છો. ગઈ કાલે તમે નિશાળે આવ્યા. આવતી કાલે તમે નિશાળે આવશો. બાપુ ચાલે છે. ગઇ કાલે બાપુ ચાલ્યો.

આવતી કાલે બાપુ ચાલશે. તે દોડે છે. તે ગઇ કાલે દોડ્યો આવતી કાલે તે દોડશે.

પાઠ ૨૫ મો.

પાનું ૩૪ મું.

Is jumping (ઇઝ જમ્પિંન્ગ) કૂદે છે.
Bench (બેન્ચ) પાટલી.
Is boiling (ઇઝ બૉઇલિન્ગ) ઉકાળે છે.
Kettle (કેટ્લ) કિટલી; ચાહદાની.
Stove (સ્ટવ્) સ્ટવ, સંચો.
Moon (મૂન) ચન્દ્ર.
Is drawing (ઇઝ ડ્રૉઇંગ) કાઢે છે, ખેંચે છે.
Well (વેલ) કૂવો.
Is sharpening (ઇઝ શાર્પનિન્ગ) તીણી કરે છે.
His (હિઝ) તેના, પોતાના.
Penknife (પેન નાઇફ) ચપ્પુ; ચાકું.
Is pouring (ઇઝ પોરિંગ) રેડે છે.
Milk (મિલ્ક) દૂધ.
Into (ઇનટુ) માંહે, ની અંદર.
Jug (જગ) ચંબુ, પવાલું.

ગોવિન્દ શું કરે છે! તે પાટલીની ઉપર થઇને કૂદે છે. તે સ્ટવ ઉપર ચાહદાનીમાં પાણી ઉકાળે છે. તે ચન્દ્રમા તરફ જુએ છે. તે કૂવામાંથી પાણી કાઢે છે. તે પોતાના ચપ્પુવતી પોતાની સીસાપેન તીણી કરે છે. તે પ્યાલામાં દૂધ રેડે છે.

પાઠ ૨૬ મો.

પાનું ૩૬ મું.

Camels (કેમલ્સ) ઉંટો.
Yes (યેસ) હા.

Leads (લીડ્ઝ) દોરે છે, દોરી લઈ જાય છે.
Cord (કૉર્ડ) દોરડું.
By (બાઇ) વડે
Carry (કૅરી) લઇ જવું.
Skins (સ્કિન્સ) ચામડીઓ. ચામડાં.
Very (વેરી) ઘણા.
Beasts (બીસ્ટસ્) પશુઓ; જનાવરો.
Bigger (બિગર) વધારે મોટાં.
Horses (હૉરસિઝ) ઘોડાઓ.
Ride (રાઇડ) સ્વારી કરવી.
Do not go (ડુ નૉટ ગો) નથી જતાં.
Fast (ફાસ્ટ) જલદી; ઝડપથી.
Sepoy (સિપૉય) સીપાઈ, પટાવાળો.
It has (ઇટ હૅઝ) તેને છે; તેની પાસે છે.
Saddle (સૅડ્લ) જીન.
Back (બૅક) પીઠ.
Its (ઇટ્સ) તેની.
How (હાઉ) કેમ, કેવી રીતે.
Get on (ગેટ ઑાન) ના ઉપર ચઢવું.
Will kneel down (વિલ્લ નીલ ડાઉન) ઘુંટણીએ પડશે.
Kneel (નીલ) ઘુંટણીએ પડવું.

તમે આ બે ઉંટોને જુઓ છો ? દોરે છે. હા, એક માણસ તેઓને દોરે છે. તે તેમને એક એક દોરડાવતી દોરી લઇ જાય છે. તેઓ શું લઈ જાય છે ? તેઓ ચામડામાં પાણી લઈ જાય છે. ઉંટ ઘણાં મોટાં પશુઓ છે તેઓ ઘોડાઓના કરતાં વધારે મોટાં હોય છે. માણસો ઉંટો પર સ્વારી કરે છે. તેઓ જલદી જતાં નથી. અંહિઅ એક સીપાઈ પોતાના ઉંટ સાથે છે. તેને પોતાની પીઠ પર જીન છે. સિપાઈ તે જીન ઉપર કેવી રીતે ચઢશે ? તે ઉંટ ઘુંટ-ણીએ પડશે.

પાઠ ૨૭ મો.

(પાનું ૩૭ મું)

Cup (કપ) પ્યાલો.
Saucer (સોસર) રકાબી, તાસક.
Tea (ટી) ચાહ.
From (ફ્રોમ) માંથી.
Plate (પ્લેઇટ) થાળી, બાજ.
I eat (આઈ ઇટ) હું ખાઉં છું.
Food (ફુડ) ખોરાક.
Glass (ગ્લાસ) કાચનો પ્યાલો.

Or (ઓર) અથવા.
Tumbler(ટમ્બલર)કાચનો પ્યાલો.
Knife (નાઈફ) છરી.
Sharp (શાર્પ) તીણી; ધારવાળી.
Will cut (વિલ કટ) કાપશે.
Fork (ફૉર્ક) કાંટો.
Knives (નાઇવ્ઝ) છરીઓ.
Are used (આર યુઝડ) વપરાય છે, વાપરવામાં આવે છે.
People (પીપુલ) લોકો
Some (સમ) કેટલાક, થોડા.
For eating (ફૉર ઇટિંગ)ખાવાને માટે.

અંહિઆં એક પ્યાલો અને એક રકાબી છે. તે પ્યાલો તે રકાબીમાં છે. આપણે પ્યાલામાંથી ચાહ પીએ છીએ. આ એક થાળી છે. આપણે થાળીમાંથી ખોરાક ખાઇએ છીએ. પેલો એક કાચનો પ્યાલો અથવા ટમલર છે. તે પ્યાલામાં પાણી રેડે છે.

હું એક છરી જોઉં છું. તમે તે છરીને જુઓ છો, રામ? હા, તે તીણી છે. તે કાપશે.

પેલો એક કાંટો છે. પેલો એક ચમચો છે. ચમચાઓ અને કાંટાઓ અને છરીઓ, ખોરાક ખાવા સારૂ કેટલાક લોકો વાપરે છે.

પાઠ ૨૮ મો.

(પાનું ૩૮ મું.)

Boot (બુટ) મોટા જોડા, હાલબુટ.
Shoe (શૂ) દોરીવાળો જોડો.
Slipper (સ્લિપર્) સ્લિપર, સલેપાટ.
Some (સમ) કેટલાક, થોડાક.
Men (મેન) માણસો.
Wear (ઉવેર) પહેરે છે.
Others (અધર્સ) બીજાઓ.
Shoes (શૂઝ) દોરીવાળા જોડાઓ.
Poor (પૂઅર) ગરીબ.
To buy (ટુબાઇ) ખરીદવાને માટે.
Too poor to buy (ટૂ પૂઅર બાઇ) ખરીદવાને માટે જોઇએ તે કરતાં વધારે ગરીબ; એટલા બધા ગરીબ કે ખરીદી શકે નહિ.
Can not buy (કૅન નોટ બાઇ) ખરીદી શકતા નથી.
Or (ઑર) અથવા.
Covers (કવર્સ) ઢાંકે છે.
Without (વિધાઉટ) વગર.
Ankle (એન્કલ) ઘુંટી.
His (હિઝ) તેનો.

Does not cover (ડઝ નોટ કવર) ઢાંકતો નથી.

I put on (આઇ પુટ ઑન) હું પહેરૂં છું.

First (ફર્સ્ટ) પહેલાં.

Many (મૅની) ઘણા.

Then (ધેન) પછી, ત્યાર પછી.

Cheaper (ચીપર) વધારે સસ્તા.

Large (લાર્જ) મોટો.

Small (સ્મૉલ) નાનો.

Are made of (આર મેઇડ ઓફ) નાં બને છે, નાં બનેલા છે. નાં બનાવાય છે.

Larger (લાર્જર) વધારે મોટો.

Than (ધૅન) ના કરતાં.

That (ધૅટ) પેલો.

Leather (લેધર) ચામડું.

Have (હૅવ) ને હોય છે, પાસે છે.

Heels (હીલ્સ) એડીઓ.

કેટલાક માણસો હોલબુટ પહેરે છે. બીજાઓ દોરીવાળા જોડા પહેરે છે. કેટલાક માણસો તેમને ખરીદવાને માટે જોઇએ તે કરતાં પણ વધારે ગરીબ હોય છે. (કેટલાક માણસો એટલા બધા ગરીબ હોય છે કે તેમને ખરીદી શકતા નથી.)

તેઓ હોલબુટ અથવા દોરીવાળા જોડા ખરીદી શકતા નથી. તેઓ હોલબુટ અગર દોરીવાળા જોડા વગર ચાલે છે. મારો હોલબુટ મારી ઘુંટી ઢાંકે છે. તેનો જોડો તેની ઘુંટીને ઢાંકતો નથી. હું મારાં મોજાં પહેલાં પહેરૂં છું, અને પછી મારાં હોલબુટ પહેરૂં છું.

આ હોલબુટ મોટો છે. પેલો દોરીવાળો જોડો નાનો છે. હોલબુટ પેલા દોરીવાળા જોડા કરતાં વધારે મોટા છે. હોલબુટોને અને દોરીવાળા જોડાઓને એડીઓ હોતી નથી. સલેપાટોને એડીઓ હોતી નથી.

ઘણા લોક સલેપાટ પહેરે છે.

સલેપાટ, હોલબુટો અને દોરીવાળા જોડાઓનાં કરતાં વધારે સસ્તા હોય છે.

આ સલેપાટના તરફ જુઓ. તમને તે પસંદ પડે છે? હોલબુટો, દોરીવાળા જોડાઓ, અને સલેપાટો ચામડાંનાં બને છે. (બનેલાં હોય છે) (બનાવાય છે.)

પાઠ ૨૯ મો.

(પાનું ૪૦ મું)

Black (બ્લૅક) કાળો.

White (ઉવ્હાઇટ્) સફેદ, ધોળો.
Bigger (બિગર) વધારે મોટો.
None (નન) કાંઈ નહિ.
By (બાઇ) પાસે.
Syce (સાઇસ) ઘોડાવાળો.
Groom (ગ્રૂમ) ઘોડાવાળો.
Reins (રેઇન્સ) લગામ.
Is eating (ઇઝ ઇટિંગ) ખાય છે.
Grass (ગ્રાસ) ઘાસ.
Nothing (નથિંગ) કાંઈનહિ.
To eat (ટુ ઇટ) ખાવાને.
Field (ફીલ્ડ) ખેતર.
Many (મૅની) ઘણાં.
Trees (ટ્રીઝ) ઝાડ.
Behind (બીહાઇન્ડ) પાછળ.
Run away (રન અવે) દોડી જવું, નાસી જવું.
Fence (ફેન્સ) વાડ.
All round (ઑલ રાઉન્ડ) આસપાસ બધે.
All (ઑલ) બધે.

અંહિઆં બે ઘોડાઓ છે. એક મોટો અને કાળો છે.

બીજો નાનો અને સફેદ છે.

કાળો ઘોડો સફેદ ઘોડાનાં કરતાં વધારે મોટો છે.

તે મોટા ઘોડાને જીન છે.

તે નાના ઘોડાને કાંઇ નથી.

એક માણસ તે મોટા કાળા ઘોડાની પાસે ઉભો છે. તે એક ઘોડાવાળો છે. તે ઘોડાવાળાએ સફેદ પાઘડી પહેરી છે. તે સફેદ ઘોડાને લગામ નથી. તે ઘાસ ખાય છે. તે મોટા ઘોડાને ખાવાને કાંઇ નથી. તે સફેદ ઘોડો એક ખેતરમાં છે. આપણે તે સફેદ ઘોડાની પાછળ ઘણાં ઝાડ જોઇએ છીએ. તે સફેદ ઘોડો દોડી જઇ શકે છે?

ના, તે દોડી જઇ શકતો નથી.

ખેતરની આસપાસ બધે વાડ છે.

પાઠ ૩૦ મો.

(પાનું ૪૨ મું.)

Panther (પૅન્થર) ચિત્તો વાઘ.
Sleeps (સ્લીપ્સ) ઉંઘે છે.
Is sleeping (ઇઝ સ્લીપિંગ) ઉંઘે છે.
Rock (રૉક) ખડક.
Asleep (ઍસ્લીપ) ઉંઘતો.
Is asleep (ઇઝ ઍસ્લીપ) ઉંઘી ગયો છે.
Sunshine (સનશાઇન) તડકો.
Will wake up (ઉવીલ વેઇક અપ) જાગશે; જાગી ઉઠશે.

Spots (સ્પૉટ્સ) ડાઘા; ટપકાં
Skin (સ્કિન) ચામડી.
Fierce (ફીઅર્સ) ઝનુની.
Savage (સેવેઇજ) જંગલી.
Kill (કિલ્) મારી નાંખે છે.
For (ફૉર) માટે.
Has killed (હૅઝ કિલ્ડ) મારી નાંખ્યાં છે.
Will eat (ઉિવલ ઈટ) ખાશે.
When (ઉવ્હેન) જ્યારે.
Wakes up (ઉવેઈક્સ અપ) જાગી ઉઠે છે; જાગી ઉઠશે.
He will drink (હી ઉિવલ ડ્રિન્ક) તે પીશે.

આ ચિત્તો ઉંઘે છે. તે એક ખડક ઉપર ઉંઘે છે.

તે તડકામાં ઉંઘી ગયો છે. તે જાગી ઉઠશે.

તેની ચામડી ઉપર ડાઘા (ટપકા) છે.

ચિત્તાઓ ઝનુની અને જંગલી પશુઓ છે.

તેઓ બીજાં જનાવરોને ખોરાકને સારૂ મારી નાંખે છે.

આ ચિત્તાએ બે હરણોને મારી નાંખ્યાં છે.

તે જ્યારે જાગશે, ત્યારે ખાશે. પછી તે પાણી પીશે.

પાઠ ૩૧ મો.

(પાનું ૪૩ મું)

Tea-pot (ટી પૉટ) ચાહનું વાસણ, ચાહદાની.
We make (ઉવી મેઈક) આપણે બનાવીએ છીએ.
We put (ઉવી પુટ) આપણે મુકીએ છીએ.
Some (સમ) થોડીક.
We boil (ઉવી બૉઇલ) આપણે ઉકાળીએ છીએ.
Next (નેક્સ્ટ) પછી તરતજ; ત્યારપછી.
We pour (ઉવી પોર) આપણે રેડીએ છીએ.
Boiling (બૉઇલિંગ) ઉકળતું, ખળખળતું.
Soon (સૂન) જલદીથી, તરતજ.
Tea-cups (ટી કપ્સ) ચાહનાં પ્યાલાં.
Sugar (શ્યુગર) ખાંડ.
We stir (ઉવી સ્ટર) આપણે હલાવીએ છીએ.
Strong (સ્ટ્રૉન્ગ) કડક, સખ્ત.
Bad (બૅડ) ખરાબ, નુકસાનકારક.

For us (ફૉર અસ) આપણે માટે.
China (ચાયના) ચીન દેશ.
Ceylon (સીલોન) લંકા.
India (ઇન્ડીઆ) હિન્દુસ્થાન.
Us (અસ) આપણને.
Any (એની) કાંઈ.
Harm (હાર્મ) ઇજા, નુકસાન.
Quite (ક્વાઇટ) તદ્દન.
Harmless (હાર્મલેસ) નિર્દોષ, ઇજા વગરની; નુકસાન કરે નહિ એવી.
Too much (ટૂ મચ) જોઇએ તે કરતાં વધારે.
If (ઇફ) જો.
Don't drink (ડોન્ટ ડ્રિન્ક) પીએ નહિ, ન પીએ.
Far better (ફાર બેટર) ઘણીજ વધારે સારી.
Beer (બીર) એક જાતનો દારૂ.
Wine (વાઇન) દારૂ.
Spirits (સ્પિરિટસ) ગાળેલા દારૂ, આસવ.
Best (બેસ્ટ) સહુથી સરસ, ઉત્તમ.
Pure (પ્યૂર) ચોખ્ખું, શુદ્ધ.
Drink (ડ્રિન્ક) પીણું, પીવાની વસ્તુ.

આ શું છે? તે એક ચાહનું વાસણ છે.

આપણે કેવી રીતે ચાહ બનાવીએ છીએ

પહેલાં આપણે ચાહના વાસણમાં થોડીક ચાહ મુકીએ છીએ. ત્યારપછી એક ચાહદાનીમાં આપણે પાણીને ઉકાળીએ છીએ. પછી તરતજ આપણે તે ઉકળતાં પાણીને ચાહ ઉપર રેડીએ છીએ.

આપણે તે ચાહને ઝટ ચાહના પ્યાલાઓમાં રેડીએ છીએ.ત્યારપછી આપણે તે ચાહમાં દૂધ અને ખાંડ મુકીએ છીએ.

આપણે તે ખાંડને ચમચાવતી હલાવીએ છીએ. સખત ચાહ આપણે માટે (નુકસાનકારક) છે. ચાહ ચીનદેશ, લંકા અને હિંદુસ્થાનમાંથી આવે છે. શું ચાહ આપણને કાંઇ ઇજા કરે છે?

જો આપણે તેને જોઇએ તે કરતાં વધારે પ્રમાણમાં પીએ નહિ, તો તે તદ્દન નિર્દોષ (ઇજા વગરની) છે. બીર, દારૂ અને આસવો કરતાં ચાહ આપણે માટે વધારે સારી છે.

બધાં કરતાં સહુથી સરસ પીણું ચોખ્ખું પાણી છે.

પાઠ ૩૨ મો.

(પાનું ૪૪ મું)

Tiger (ટાઇગર) વાઘ,
King (કિંગ) રાજા.
Indian (ઇન્ડિયન) હિન્દુસ્થાનનાં; હિંદી. [પશુઓ.
Beasts (બીસ્ટ્સ) જનાવરો,
Can spring (કૅન સ્પ્રિન્ગ) કુદકો મારી શકે છે.
A long way (એ લૉન્ગ વે) લાંબો રસ્તો, લાંબે સુધી.
It has (ઇટ હૅઝ) તેને હોય છે.
Stripes (સ્ટ્રાઇપ્સ) ચટાપટા.
Sharp (શાર્પ) તીખા; ધારવાળા.
Teeth (ટીથ) દાંત.
Claws (ક્લૉઝ) નખો.
Jungle (જંગલ) જંગલ, વન.
Sets (સેટ્સ) આથમે છે, અસ્ત પામે છે.
Pool (પૂલ) પાણીનો ઝરો, વહેળો
To drink (ટુ ડ્રિન્ક) પીવાને
Drinking (ડ્રિન્કિન્ગ) પીતો, પીનારો.
Always (ઑલવેઇઝ) હંમેશાં
After (આફ્ટર) પછી.
After eating (આફ્ટરઈટિંગ) ખાધા પછી.
Noise (નૉઇઝ) અવાજ.
Made (મેઇડ) કરેલા.
Is called (ઇઝ કૉલ્ડ) ને કહે છે; કહેવાય છે.
Roar (રોર) ગર્જના;ઘુરઘુર અવાજ.
At night(ઍટ નાઇટ)રાત્રે,રાતના.
Roars (રોર્સ) ઘુરઘુર અવાજ કરે છે; ગાજે છે.
Loudly (લાઉડલિ) મોટેથી.

વાઘને હિન્દુસ્થાનનાં પશુઓનો રાજા કહે છે.

તે ચિત્રા કરતાં વધારે મોટો હોય છે.

તે લાંબે સુધી ફલંગ મારી શકે છે.

કેટલાક વાઘ માણસોને ખાય છે.

તેને પોતાની ચામડીપર ચટાપટા હોય છે.

તેને લાંબા તીખા દાંત અને નખો હોય છે.

વાઘ જંગલ માંહેના કોઈપણ જનાવરોને મારી નાંખી શકે છે. જ્યારે સૂર્ય આથમે છે, ત્યારે તે પીવાને વહેળા આગળ જાય છે. અંહિઆ એક વાઘ પાણી પાતો (પીનારો) (અંહિ એક વાઘ પાણી પીએ છે.)

વાઘો હમેશાં ખોરાક ખાધા પછી પીએ છે.

વાઘે કરેલા અવાજને ઘુરઘુર અવાજ કહે છે.

રાત્રે જંગલમાં વાઘ મોટેથી ઘુરઘુર અવાજ કરે છે.

પાઠ ૩૩ મો.

(પાનું ૪૫ મું)

One day (વન ડે) એક દિવસ.
Crow (ક્રો) કાગડો.
Thirsty (થર્સ્ટિ) તરસ્યો.
To (ટુ) તરફ.
Flew to it (ફ્લ્યુ ટુ ઇટ) તેની તરફ ઉડયો.
Saw (સો) જોયું.
Could not reach (કુડ નૉટ રીચ) પહોંચી શકયો નહિ.
Reach (રીચ) પહોંચવું.
She (શી) તેણી.
Dropped (ડ્રૉપ્ડ) ફેંકયા, નાંખ્યા.
Stones (સ્ટોન્સ) પથરા, કાંકરા.
Then (ધેન) તે વખતે, પછી.
Deeper (ડીપર) વધારે ઉંડું.
More (મોર) વધારે.
Drank (ડ્રૅન્ક) પીધું.

એક દિવસ એક કાગડી તરશી થઈ હતી.

તેણીએ એક પાણીનો કુંજો જોયો.

તેણી તેની પાસે ઉડીને ગઈ.

તેણીએ તે કુંજામાં થોડુંક પાણી જોયું.

તેમાં ઘણું પાણી નહતું. તેણી તેને પહોંચી શકી નહિ.

તેણીએ તે કુંજામાં થોડાંક કાંકરા નાંખ્યા.

તે પાણી તે વખતે વધારે ઉંડું થયું.

તેણીએ તે પાણીમાં વધારે કાંકરા નાંખ્યા.

તરતજ તે પાણી કુંજાની ટોચની પાસે હતું. (આવ્યું)

પછી તેણીએ પીધું.

તેણી એક હોંશિયાર કાગડી હતી.

પાઠ ૩૪ મો.

(પાનું ૪૬ મું)

Snake (સ્નેઈક) સાપ.
Cold (કોલ્ડ) ઠંડો.
Nearly (નીઅરલિ) લગભગ.

Nearly dead (નીઅરલિ ડેડ) અધમુઓ.
Dead (ડેડ) મુએલો; મરણ પામેલો.
With cold (વિથ કોલ્ડ) ઠંડીને લીધે; ઠંડીથી.
Kind (કાઇન્ડ) માયાળુ.
Said (સેઇડ) કહ્યું.
I will warm (આઈ વિલ વૉર્મ) ગરમ કરીશ.
Took it (ટુક ઇટ) તેને લઈ ગયો.
To his house (ટુ હિઝ હાઉસ) પોતાને ઘેર.
He put (હી પુટ) તેણે મુકયો.
Fire (ફાયર) સગડી, દેવતા.
Was warm (વૉઝ વૉર્મ) ગરમ થયો.
Went (વેન્ટ) ગયું.
Child (ચાઇલ્ડ) બાળક.
Opened (ઓપન્ડ) ઉઘાડયું, પહોળું કર્યું.
To bite (ટુ બાઇટ) કરડવાને.
Killed (કિલ્ડ) મારી નાંખ્યો.
Was kind (વૉઝ કાઈન્ડ) માયાળુ થયો; માયાળુપણે વર્ત્યો.
Why (વ્હાય) શા માટે!

એક દિવસ એક માણસે એક સાપને જોયો.

તે એક ઘણો ઠંડો દિવસ હતો. (તે દિવસે ઘણી ટાઢ પડતી હતી). તે સાપ ટાઢથી લગભગ મુએલો (અધમુઓ) થઈ ગયો હતો. તે માણસ દયાળુ હતો. તેણે કહ્યું, 'હું આ ગરીબ ઠંડા સાપને ગરમ કરીશ.'

તે તેને પોતાને ઘેર લઇ ગયો.

તેણે તેને સગડી પાસે મુકયો.

તે સાપ જલદીથી ગરમ થયો.

તે માણસનું બાળક તેની પાસે ગયું.

તે સાપે તે છોકરાને કરડવાને પોતાનું મ્હોંડું ઉઘાડ્યું.

તે માણસે તે સાપને મારી નાંખ્યો.

તેણે કહ્યું, 'હું એક સાપના તરફ શા માટે માયાળુ થયો!

પાઠ ૩૫ મો.

(પાનું ૫૭ મું)

Do (ડૂ) કરો.
I am doing (આઈ ઍમ ડુઈંગ) હું કરૂં છું.
Did you hear (ડિડ યુ હીઅર) તમે સાંભળ્યું ?

What (ઉવૉટ) જે–તે.
What I said (ઉવૉટ આઈ સેઈડ) જે મ્હેં કહ્યું તે.
I did (આઇ ડીડ) મ્હેં કર્યું.
Have done=તૈયાર કર્યો છે.
Map (મૅપ) નકશો.
I have not done=મ્હેં તૈયાર કર્યો નથી.
You will do (યૂ વિલ ડુ) તમે કરશો.
What (ઉવૉટ) શું.
Do want (ઉવૉન્ટ) માંગો છો.
Did want(ડીડ ઉવૉન્ટ) માંગી; નકકી માંગી.
Has given=આપી છે.
Did you do (ડિડ યૂ ડુ) તમે (તૈયાર) કર્યો ?
Sure (સ્યૂર) ખચીત, ખાતરીવાળા.
Are you sure (આર યુ સ્યુર શું તમારી ખાતરી છે ?
Did not do=નથી કર્યો; તૈયાર નથી કર્યો. તૈયાર નથી કર્યો.
Brother (બ્રધર) ભાઇ.

તમારૂં કામ કરો, હરિ હું તે કરૂં છું, સાહેબ.

અહમદ, મ્હેં જે કહ્યું તે તમે સાંભળ્યું ?

હા, સાહેબ, મ્હેં સાંભળ્યું.

અરજુન, તમે તમારો નકશો તૈયાર કર્યો છે ?

ના સાહેબ, મ્હેં તે નથી કર્યો.

ત્યારે, તમે તે કાલે નકશો. (જરૂર કરજો). તમારે શું જોઇએ છે, કરીમ (કરીમ, તમે શું માગો છો ?) મેં એક સીસાપેન માંગી સાહેબ. રામે મ્હને એક (સીસાપેન) આપી છે.

શું તમે આ નકશો તૈયાર કર્યો, ગોપાળ ?

હા સાહેબ, મ્હેં તે કર્યો.

તમારા ભાઇએ તે નથી કર્યો તેની તમને ખાતરી છે ?

મારા ભાઇએ કદી મ્હારૂં કામ કર્યું નથી, સાહેબ.

પાઠ ૩૬ મો.

(પાનું ૪૮ મું.)

Good morning (ગુડમૉરનિંગ) સવારની સલામ.
How do you do (હાઉ ડુ યુ ડુ) તમે કેમ કરો છો ? તમારી તબીયત કેમ છે ?

Quite well (ક્વાઇટ વેલ) ક્ષેમ કુશળ, તદ્દન સારી પેઠે.

Thank you (થૅન્ક યુ) તમારો આભાર માનું છું.

Better (બેટર) વધારે સારા; વધારે સારી તબીયતવાળા

Alright (ઑલરાઇટ) તંદુરસ્ત, તદ્દન સારો.

Matter (મૅટર) બાબત, વાત;

What has been the matter (વૉટ હેઝ બીન ધી મૅટર) શું થયું હતું ?

Fever (ફીવર) તાવ.

I have had fever (આઇ હેવ હૅડ ફીવર) મને તાવ આવ્યો હતો.

Did you have (ડિડ યુ હેવ) તમને આવ્યો હતો ?

Called in (કોલ્ડ ઇન) તેડયો હતો.

Right (રાઇટ) ખરૂં બરાબર.

To see (ટુ સી) ને મળવું;—ની મુલાકાત કરવી.

If you are ill (ઇફ યુ આર ઇલ) જો તમે માંદા હો તો.

સવારની સલામ, છોકરાઓ.

સવારની સલામ, સાહેબ.

ગોપાળ તમને કેમ છે ? (તમારી તબીયત કેમ છે ગોપાળ ? હું તદ્દન સારી પઠેમ છું સાહેબ, તમારો આભાર માનું છું. અબ્દુલ, આજે તમારી તબીયત વધારે સારી છે ને ? હા, તમારો ઉપકાર માનું છું સાહેબ, હું હવે તદ્દન સારી પેઠે છું. (હું હવે તદ્દન સારો થઈ ગયો છું)

તમને શું થયું હતું ?

મને તાવ આવ્યો હતો. સાહેબ.

તમે ડાકટરની પાસે ગયા હતા ? (તમે ડાકટર બોલાવ્યો હતો ?) હા સાહેબ, મારા બાપે ડૉ. હાજીને બોલાવ્યો હતો. તે ખરૂં છે. જો તમે માંદા હો, તો ડૉકટરને ત્યાં જવું એ સહુથી ઉત્તમ વાત છે.

પાઠ ૩૭ મો.

(પાનું ૪૯ મું)

Is riding (ઇઝ રાઇડિંગ) સ્વારી કરે છે.

Is breaking (ઇઝ બ્રેકિંગ) ભાંગે છે.

Stick (સ્ટિક) લાકડી.

Foot (ફુટ) પગ.

Is swimming (ઈઝ સ્વિમિન્ગ) તરે છે.

Is driving (ઈઝ ડ્રાઇવિંગ) હાંકે છે.

Oxen (ઓકસન) બળદો.

Is shooting (ઈઝ શૂટિંગ) ગોળીથી મારે છે, બંદુક મારે છે.

Is climbing up (ઇઝ કલાઇમ્બિંગ અપ) ના ઉપર ચઢે છે.

Time (ટાઇમ) વખત.

What is the time (ઉવૉટ ઇઝ ધી ટાઇમ) કેટલા વાગ્યા છે?

O'clock (ઑકલોક) ઘડીઆળના કલાક.

Ten minutes past three (ટેન મિનિટ્સ પાસ્ટ થ્રી) ત્રણને દશ મિનિટ.

Quarter (કવૉરટર) પા.

Half (હાફ) અડધો.

Quarter past three (કવૉટર પાસ્ટ થ્રી) સવાત્રણ.

Eighteen minutes past three (એઇટીન મિનિટ્સ પાસ્ટ થ્રી) ત્રણને અઢાર મિનિટ.

Twenty five minutes past three (ટવેન્ટિ ફાઇવ મિનિટ્સ પાસ્ટ થ્રી) ત્રણને પચ્ચીશ મિનિટ.

Half past three (હાફ પાસ્ટ થ્રી) સાડાત્રણ.

Twenty minutes to four =ચારમાં વીસ કમ; ચારમાં વીસ મિનિટ ઓછી.

Quarter to four (કવૉરટર ટુ ફોર) પોણાચર.

Five minutes to four (ફાઇવ મિનિટસ ટુ ફોર) ચારમાં પાંચ કમ; ચારમાં પાંચ મિનિટ ઓછી.

ગોવિન્દનો બાપ શું કરે છે?

તે ઘોડા ઉપર સ્વારી કરે છે.

તે તે લાકડીને પોતાના પગની નીચે ભાંગે છે.

તે તે નદીમાં તરે છે.

તે તે બળદોને તે ખેતરમાં હાંકે છે.

તે એક વાઘના તરફ બંદૂક મારે છે.

તે તે ઝાડના ઉપર ચઢે છે.

પાઠ ૩૮ મો.

(પાનું ૫૨ મું)

Can you tell (કૅન યુ ટેલ) તમે કહી શકશો ?

Sorry (સૅારી) દીલગીર.

Watch (ઉવૅાચ) ઘડીઆળ.

About (ઍબાઉટ) આશરે, લગભગ

Half past two (હાફ પાસ્ટ ટુ) અઢી.

Thanks (થૅન્કસ) ઉપકાર, આભાર (માનું છું)

Thought (થૅાટ) ધાર્યું, વિચાર્યું.

Later (લેઇટર) વધારે મોડું.

Does keep time (ડઝ કીપ ટાઇમ) વખતસર ચાલે છે.

Goes (ગોઝ) ચાલે છે.

Very well (વેરી વેલ) બહુ સારી રીતે.

Must be going (મસ્ટ બી ગોઇન્ગ) જવું જોઇએ.

To meet (ટુ મીટ) મળવાને.

I have to meet (આઈ હેવ ટુ મીટ) મારે મળવાનું છે; મારે મળવું પડશે.

Need (નીડ) જરૂર હોવી.

Need not go (નીડ નોટ ગો) જવાની જરૂર નથી.

Yet (યટ) હજી સુધી; હમણાં.

Plenty (પ્લેન્ટી) પુષ્કળ.

I shall get into trouble (આઇ શેલ ગેટ ઈન્ટુ ટ્રબલ) હું મુશ્કેલીમાં આવી પડીશ; હું હેરાન થઇશ.

Perhaps (પરહૅપ્સ) કદાચ.

You had better be off (યુ હેડ બેટર બી ઑાફ) તમારે ચાલ્યાં જવું એ વધારે સારૂં છે; તમે ચાલ્યા જશો, તેજ વધારે ઠીક થઇ પડશે.

Good-bye (ગુડબાઇ) છુટા પડતી વખતની સલામ; રામરામ.

રામઃ—કૃષ્ણ, તમે મ્હેરબાની કરીને મને વખત કહેશો ?

કૃષ્ણઃ—ના, હું દીલગીર છું, મ્હારી પાસે ઘડીઆળ નથી.

રામઃ—હરિ, કેટલા વાગ્યા છે ?

હરિઃ—આશરે અઢી.

રામઃ—ના, તે લગભગ ખરૂં છે, એમ હું ધારૂં છું

કૃષ્ણઃ—તમારી ઘડીઆળ બરાબર વખતસર ચાલે છે ?

હરિઃ—અરે હા, તે ઘણી સારી રીતે ચાલે છે.

રામઃ—હવે મ્હારે જવું જોઇએ.

ત્રણ વાગે મ્હારે મ્હારા બાપને મળવું છે.

કૃષ્ણઃ—ત્યારે તમારે હમણાં જવાની જરૂર નથી.

હરિઃ—ના, તમે ત્યાં વખત પહેલાં પહોંચી જશો.

રામઃ—મારે મોડા થવું ન જોઇએ, નહિતર હું હેરાન થાઉં.

કૃષ્ણઃ—ત્યારે તો કદાચ તમારે ચાલ્યાં જવું એજ વધારે સારૂં છે.

રામઃ—રામ રામ (છેલ્લી સલામ!)

પાઠ ૩૯ મો.

(પાનું ૫૩ મું.)

Have you been(હેવ યુ બીન) તમે ગયા હતા.

Uncle (અંકલ) કાકા.

Have broken (હૅવ બ્રોકન) ભાંગ્યો છે.

Have brought (હૅવ બ્રોટ) લાવ્યા છે.

Ruler (રૂલર) આંકણી.

I have told (આઈ હૅવ ટોલ્ડ) મ્હેં કહ્યું છે.

To bring (ટુ બ્રિન્ગ) લાવવાનું.

I have lost=મ્હેં ખોઈ નાંખ્યું છે.

Another (અનધર) બીજું.

Have not had (હૅવ નૉટ હૅડ) મળ્યો ન હતો.

Before (બીફોર) પહેલાં.

Must have (મસ્ટ હૅવ) હોવું જોઇએ.

તમે કયાં ગયા હતા કૃષ્ણ?
હું મુંબઈ ગયો હતો સાહેબ.

તમે તમારા બાપને મળ્યા છો?

હા સાહેબ, હું એને અને મારા કાકાને મળ્યો છું.

હરિ, તમે તમારી સીસાપેન ભાંગી છે?

ના સાહેબ. મેં તે ભાંગી નથી.

તમે તમારી આંકણી લઈ આવ્યા છો, અહમદ?

ના સાહેબ, હું તેના વગર આવ્યો છું.

મ્હેં તમને હંમેશાં તે લાવવાનું કહ્યું છે (ફરમાવ્યું છે).

હું દીલગીર છું સાહેબ, મ્હેં તે ખોઇ નાંખી છે.

તમે બીજી કેમ નથી ખરીદી લાવ્યા?

મ્હને વખત મળ્યો નથી સાહેબ.

મ્હેં પહેલાં તે સાંભળ્યું હતું, મારા છોકરા આવતી કાલે તમારી પાસે આંકણી હોવીજ જોઇએ.

પાઠ ૪૦ મો.

Fox (ફૉક્સ) શિયાળ.
Fell (ફેલ) પડયો.
Could not get out (કુડ નૉટ ગેટ આઉટ) બહાર નીકળી શકયો નહિ.
I shall die (આઇ શૅલ ડાઇ) હું મરી જઇશ.
Was sad (વૉઝ સૅડ) દીલગીર થયો.
Shady (શેઇડિ) છાંયડાવાળું.
Got on (ગૅાટ ઑન) ચઢયો.
Jumped out of (જમ્પડ આઉટ ઑફ) માંથી કૂદી પડયો.
Nice (નાઇઝ) સુંદર.
Laughing (લાફિંગ) હસતો.

પાઠ ૪૧ મો.

(પાનું ૫૬ મું)

Tusks (ટસ્કસ) હાથીદાંત.
Wise (વાઇઝ) ડાહી.
Gentle (જેન્ટ્લ) નરમ.
Saved (સેઇવ્ડ) બચાવી.
Son's (સન્સ) છોકરાની.
Went down (વેન્ટ ડાઉન) નીચે ગયો.
Sank (સૅન્ક) ડૂબી ગયો.
Trunk (ટ્રન્ક) સૂંઢ.
Picked up (પિકડ અપ) ઉંચકી લીધો.
Was glad (વૉઝ ગ્લૅડ) ખુશી થયો.
Sugar cane (શ્યૂગરકેઇન) શેરડી.
Friends (ફ્રેન્ડઝ) દોસ્તો; મિત્રો.

મારા દોસ્ત, મારો હાથી તમારા કરતાં વધારે મોટો છે, તેને સુંદર દાંત છે. તમારા હાથીને દાંત નથી. ના, મારા હાથીને દાંત નથી હું જાણું છું કે તેણી ઘણી મોટી નથી. પણ તેણી ઘણી ડાહી અને નમ્ર છે તેણીએ મારા છોકરાની જીંદગી બચાવી. તેણે તે કેવી રીતે કીધું.

એક દીવસ હું તેણીને ફરવા લઇ ગયો. અમે નદીએ નીચે ગયાં મારો છોકરો ઝાડ ઉપર ચઢયો, તે પાણીમાં પડયો તે કેવી રીતે તરવું તે જાણતો નહોતો. તે પાણીમાં નીચે ડુબ્યો મારા હાથીએ તેને જોયો. તેણી પણ પાણીમાં હતી. તેણીએ પોતાની સુંઢ, મૂકી. તેણીએ તેને ઉંચકી લીધી અને પોતાની ઉપર તેને મૂકયો.

હું ઘણો ખુશ થયો. અમે

ઘેર ગયાં અને મારા છોકરાએ કેટલી શેરડી તેણીને આપી. મારો છોકરો અને મારો હાથી ગાઢ મિત્રો છે. ભાઈ હું તેણીને તમારા કરતાં વધારે ચાહું છું.

પાઠ ૪૨ મો.

Fine (ફાઇન) સુંદર.
Feathers (ફેધરસ) પીંછાં.
Ground (ગ્રાઉન્ડ) જમીન.
Flew down (ફ્લ્યુ ડાઉન) નીચે ઉડયો.
Pea-cock (પીકૉક) મોર.
Has lost (હૅઝ લૉસ્ટ) ખોયાં છે, ગુમાવ્યાં છે.
Mine (માઇન) મારાં.
Tail (ટેઇલ) પૂંછડી.
Join (જોઇન) જોડાવું,
Flew away (ફ્લ્યુ અવે) ઉડી ગઈ.
Foolish (ફુલિશ) મૂર્ખ, બેવકુફ.
Chief (ચીફ) મુખ્ય.
Will drive back (વિલ ડ્રાઇવ બૅક) હાંકી કાઢશે.

એક કાગડાએ જમીન ઉપર કેટલાંક સુંદર પીછાં જોયાં. તેણી નીચે ઉડી અને તેમને જોયાં. તેણીએ કહ્યું એક મોરે આ ખોયાં છે! "તેઓ હવે મારાં છે, અને હું તેમને પ્હેરી લઉં. તેણીએ પોતાની પૂંછડીમાં તેઓને ખોસ્યાં. ત્યાર પછી તેણીએ કહ્યું, "હવે હું એક મોર છું. હું મારા નવા ભાઈ અને બ્હેનોને જઇને મળીશ. તેણી મોરોને મળવાને ઉડયું, જ્યારે તેઓએ તેને જોઇ ત્યારે કહ્યું,' આ મૂર્ખ પક્ષી તરફ જુઓ, આપણે તેને મારી નાંખીશું? મુખ્ય મોરે કહ્યું 'ના.' આપણે તે પીછાં લઇ લઇશું અને કાગડાઓ કને તેને પાછા હાંકી મૂકીશું." તેઓએ આ પ્રમાણે કીધું, મોરો મોટેથી હસ્યા. તેઓએ કહ્યું "સુંદર પીછાંથી સુંદર પક્ષી બનતા નથી."

નોટીસ

આથી સર્વેને ખબર આપવામાં આવે છે કે નીચે લખેલી ચોપડીઓ સુરત નાણાવટ મધ્યે મી. કરસનદાસ નારણદાસ બુકસેલરની દુકાનેથી મળશે.

મેકમીલન ન્યુ રીડર્સ પ્રાઈમર ભાગ બીજાના મીનીંગ (તરજુમા સહીત)		૦–૬
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૧લાના	,,	....૦–૮
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૨ ના	,,	....૦-૧
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૩ ના	,,	....૦-૧
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૪ ના	,,	....૧–૦–૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૫ ના	,,	....૧–૪–૦
સંસ્કૃત પ્રીમરની ગાઈડ ...	....	....૦-૧૨-૦
નળાખ્યાન સટીક મોદીકૃત	....	....૧–૨–૦
ધી મીડલ સ્કુલ એરિથમેટીક....	....	...૧–૦–૦
નેલસન રીડર્સ પ્રાઈમરના મીનીંગ (તરજુમા સહીત)...		૦–૬–૦
નેલસન રીડર્સ નં. ૧ના	....	....૦-૧૦-૦
,, ,, ૨ના	....	....૦-૧૩-૦
,, ,, ૩જા	....	....૧–૪–૦
,, ,, ૪થા	....	....૧–૪–૦
,, ,, ૫મા	....	....૧–૪–૦

એ શિવાય બીજી બધી શાળાપયોગી ચોપડીઓ મળશે.

જથાબંધ લેનારને સારૂ કમીશન આપવામાં આવશે.

Published by–Balubhai Karsandas Narandas
Book–seller, Nanavat—SURAT.
Printed by–Narayanrao Laxmanrao Nikum at the
SHANKER P. PRESS. Chawta Bridge–SURAT.